Vol. 1, Issue:4, July 2013
(IJRSML) ISSN: 2321 - 2853

# ટેલિવિઝન પર દર્શાવાતી જાહેર ખબરોની પ્રાથમિક શાળાના વિધાર્થીઓ પર થતી અસર અંગે વાલીઓના અભિપ્રાયોનો અભ્યાસ

છાયા કે ડામોર
આચાર્ય,
માતુશ્રી લલિતાબા બી.એડ.કોલેજ,મોડાસા

## ૧. પ્રસ્તાવના

આજનો યુગ જ્ઞાન-માહિતીનો યુગ છે. વિજ્ઞાન અને ટેક્નોલોજી આપણા જીવનના દરેક ક્ષેત્રને અસર કરે છે. માહિતીનો વિસ્ફોટ થઈ રહ્યો છે. રોજેરોજ જુદા-જુદા માધ્યમો દ્વારા માહિતી પિરસાઈ રહી છે. આ માહિતી દ્વારા આપણાં રોજબરોજના જીવનમાં, મૂલ્યોમાં, વર્તનતરાહોમાં ફેરફારો આવ્યા છે. આજના વિજ્ઞાન અને ટેક્નોલોજીના સમયમાં આપણે ઘરની ચાર દિવાલોમાં રહી વિવિધ ક્ષેત્રોની સારી નરસી દરેક પ્રકારની માહિતી મેળવી શકીએ છીએ.

માહિતી, મનોરંજન માટેના માધ્યમોમાં પરિવર્તનો આવેલા જોવા મળે છે. ઘરની ચાર દિવાલોમાં રહી અધ્યેતા અનૌપચારિક રીતે શિક્ષણ મેળવે છે.એમાં પણ ટેલિવિઝન આજે દરેક ઘરમાં પહોંચેલું ઉપકરણ છે. ટેલિવિઝન પર આવતા કાર્યક્રમો પાછળ આજનું બાળક સરેરાશ ૩ થી ૪ કલાક ફાળવે છે. આવા સંજોગોમાં ટેલિવિઝન પર પ્રસારિત થતા કાર્યક્રમો, જાહેરાતો બાળકોના કુમળા માનસ પર ગાઢ અસર ઉપજાવે છે.

પ્રસ્તુત અભ્યાસમાં મોડાસા શહેર ની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોના વાલીઓ પાસેથી ટેલિવિઝન પર દર્શાવાતી જાહેરખબરોની અસરો અંગે અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો.

પ્રસ્તુત અભ્યાસનો મુખ્ય હેતુ ટેલિવિઝન પર દર્શાવાતી જાહેર ખબરોની પ્રાથમિક શાળાના વિધાર્થીઓ પર થતી અસર અંગે વાલીઓના અભિપ્રાય જાણવા હાથ ધરાયો હતો.

## ૨. અભ્યાસ પ્રશ્નો

પ્રસ્તુત અભ્યાસ નીચેના અભ્યાસ પ્રશ્નો આધારિત હાથ ધરવામાં આવ્યો હતો.

૧) ટેલિવિઝન પર દર્શાવાતી જાહેરાતો વિધાર્થીઓ ગંભીરતાથી લે છે?
૨) ટેલિવિઝન પર દર્શાવાતી જાહેરખબરોનું વિધાર્થીઓ તાર્કિક મુલ્યાંકન કરે છે?
૩) ટેલિવિઝન પર દર્શાવાતી જાહેર ખબરોના પ્રલોભનમાં વિધાર્થીઓ આવે છે?
૪) ટેલિવિઝન પર દર્શાવાતી જાહેર ખબરોના પ્રલોભનમાં વિધાર્થીઓ આવે છે?
૫) ટેલિવિઝન પર દર્શાવાતી જાહેર ખબરોના પ્રલોભનમાં વિધાર્થીઓ આવે છે?
૬) ટેલિવિઝન પર દર્શાવાતી જાહેર ખબરો વિધાર્થીઓને મનોવૈજ્ઞાનિક રીતે અસર કરે છે?

## 3. નિદર્શ

પ્રસ્તુત અભ્યાસ માટે મોડાસા શહેરમાં આવેલી પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિધાર્થીઓના ૫૦ વાલીઓ પર હાથ ધરાયો હતો.

૪ સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત અભ્યાસ સર્વેક્ષણ પદ્ધતિ દ્વારા હાથ ધરવામાં આવેલ.

૫. ઉપકરણ

નિદર્શ પાસેથી માહિતિ મેળવવા માટે માહિતિ એકત્રીકરણના સાધન તરીકે વાલીઓ માટે સ્વ રચિત અભિપ્રાયાવલિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.જેમાં કૂલ ૨૫ વિધાનો સમાવિષ્ટ કારવામાં આવ્યા હતા. માહિતિ એકત્રીકરણ કરવા ૫૦ વાલીઓની રૂબરૂ મુલાકાત લઈ વાલીઓ પાસે અભિપ્રાયાવલિ ભરાવી તેમના પ્રતિચારો મેળવવામાં આવ્યા હતા. તેના આધારે વિકલ્પ અનુસાર માહિતિનું વર્ગીકરણ કરવામાં આવ્યું હતુ.

૬. પૃથક્કરણ પ્રવિધિ

પ્રસ્તુત અભ્યાસની એકત્રિત માહિતી પર હેતુ આધારિત વર્ગીકરણ કરી ટકાવારી શોધવામાં આવી હતી.

અભ્યાસના તારણો

- ટેલિવિઝન પર દર્શાવાતી જાહેર ખબરો દ્વારા ઘણુ બધુ શીખવી શકાય.
- ટેલિવિઝન પર દર્શાવાતી જાહેર ખબરો દ્વારા લોક જાગ્રુતિ કેળવી શકાય છે.
- ટેલિવિઝન પર દર્શાવાતી જાહેર ખબરો દ્વારા જ્ઞાન સાથે ગમ્મત મેળવી શકાય છે.
- ટેલિવિઝન પર દર્શાવાતી જાહેર ખબરો દ્વારા બાળકો સાચા ખોટાનો ભેદ પારખી શકે છે.
- ટેલિવિઝન પર દર્શાવાતી જાહેર ખબરો દ્વારા બાળકોમાં અભિવ્યક્તિ કૌશલ્ય કેળવી શકાય છે.
- ટેલિવિઝન પર દર્શાવાતી જાહેર ખબરો દ્વારા વિવિધ ઉત્પાદનો અંગે માહિતિ તેમજ જાગૃત્તિ કેળવી શકાય છે.
- ટેલિવિઝન પર દર્શાવાતી જાહેર ખબરો દ્વારા વ્યક્તિગત સ્વચ્છતા અંગે વિધાર્થીઓને સભાન કરી શકાય છે.
- ટેલિવિઝન પર દર્શાવાતી જાહેર ખબરો દ્વારા બાળકોને સમય સાથે ચાલતા શીખવી શકાય છે.
- ટેલિવિઝન પર દર્શાવાતી જાહેર ખબરો બાળકોની જીવનશૈલીને અસર કરે છે.

નકારાત્મક અસરો

- ટેલિવિઝનની જાહેરાતોને મોટાભાગના વિધાર્થીઓ ગંભીરતા થી લેતા નથી.
- કેટલીક જાહેરાતો બાળકોને ગેરમાર્ગે દોરે છે.
- કેટલીક જાહેરાતોના દ્રશ્યો બાળકોના માનસને વિકૃત કરે છે.
- વારંવાર દર્શાવાતી જાહેરાતોને કારણે બાળકો ચોક્કસ બ્રાન્ડ પ્રત્યે પૂર્વગ્રહ દર્શાવે છે.
- જાહેર ખબરોમાંના દાવાઓ વાસ્તવિકતાથી દૂર ,અતિશયોક્તિપૂર્ણ અને કાલ્પનિક હોય છે.
- પુખ્ત વયના દર્શકો માટેની જાહેરાતો બાળકોમાં સંકોચ અને કુતુહલ દર્શાવે છે.
- જાહેર ખબરોના દ્રશ્યો અને જાહેરાતમાંના ઉત્પાદન વચ્ચે મેળ બેસતો નથી.
- જાહેરાતમાંના ખાધપદાર્થો અંગેની જાહેર ખબરો બાળકોમાં રોજિંદા ખોરાક પ્રત્યે નકારાત્મક વલણ પેદા કરે છે.

સુચનો

- પ્રસ્તુત અભ્યાસના અંતે ટેલિવિઝન પરની જાહેરાતોની હકારાત્મક અને નકારાત્મક એમ બન્ને પ્રકારની અસર જોવા મળે છે. આ અસરોને વિધેયાત્મક સ્વરૂપ આપવા બાળકોને માર્ગદર્શન પૂરુ પાડવું જરુરી છે.
- પ્રસ્તુત અભ્યાસમાં ટેલિવિઝન પરની જાહેરાતોનું મહ્ત્વ તેનો સંદેશ સમજી વિધાર્થીઓને માર્ગદર્શન પૂરુ પાડવામાં આવે તો જ્ઞાન સાથે ગમ્મત આપી શકાય છે

- ટેલિવિઝન પર દર્શાવાતી કેટલીક જાહેર ખબરો જેવી કે ગર્ભ નિરોધક સાધનો અંગેની જાહેરખબરો દ્વારા વિધાર્થીઓને જાતિય જ્ઞાન સરળતાથી આપી શકાય છે.

  ટેલિવિઝન પર દર્શાવાતી જાહેરખબરો દ્વારા વિધાર્થીઓમાં સ્વચ્છતા, સભાનતા, ચપળતા, આત્મવિશ્વાસ કેળવી શકાય છે.

સંદર્ભસૂચિ

1. Ettellaa, E.J. (1994) A cognitive Development Study of children's attention of television commercials. Communication research volume-1.
2. Luice, C.E.( 1976) The Impact Of Television commercial on Health related benefits and behaviors of children.
**3.** પાઠક, એ.બી.,(૧૯૭૨) ટેલિવિઝન પર દર્શાવાતી જાહેરખબરોની અમદાવાદ શહેર ના ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિધાર્થી ઓ પર થતી અસરનો અભ્યાસ. અમદાવાદ: અપ્રકાશિત એમ.એડ.લઘુશોધ નિબંધ,ગુજરાત યુનિવર્સિટી.